પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૯૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૧-૦૮-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 298 PRICE :-RS. 1.50 DATE : 11-08-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પ્રધાનમંત્રી મોદીએ ઉજ્જવલા યોજનાના બીજા તબક્કાનો શુભારંભ કર્યો, એક કરોડ નવા લોકોને મળશે ફ્રી ગેસ સિલિન્ડર

# દેશ મૂળ સુવિધાઓની પૂર્તિથી સારા જીવનના સપનાને પૂરુ કરવા તરફ વધી રહ્યો: મોદી



ન્યુ દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉજ્જવલા યોજનાના બીજા તબક્કાનો શુભારંભ કર્યો છે. યોજનાની શરૂઆત ઉત્તરપ્રદેશના મહોબા જિલ્લાના લાભાર્થીઓને એલપીજી કનેકશન સોંપીને કરવામાં આવી છે. પીએમ મોદી વીડિયો કોન્ફરન્સ દ્વારા સામેલ થયા હતા. પીએમ મોદીએ આ દરમિયાન દેશની જનતાને સંબોધિત પણ કરી હતી. પીએમ મોદીએ કહ્યું, આજે ઉજ્જવલા યોજનાના આગામી તબક્કામાં અનેક બહેનોને ફ્રી ગેસ કનેક્શન અને ગેસનો ચુલો મળી રહ્યો છે. હું બધા લાભાર્થીઓને ફરીથી ખુબ-ખુબ શુભેચ્છા આપુ છું. તેમણે કહ્યું કે આજે હું બુલેંદખંડના વધુ એક અને મહાન સંતાનને યાદ કરી રહ્યો છું. મેજર ધ્યાન ચંદ, આપણા દદ્દા ધ્યાનચંદ. દેશના સર્વોચ્ચ ખેલ પુરસ્કારનું નામ હવે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર થઈ ગયુ છે. મને વિશ્વાસ છે કે ઓલિમ્પિકમાં આપણા યુવા સાથીઓના અભૂતપૂર્વ પ્રદર્શન વચ્ચે ખેલ રત્ન સાથે જોડાયેલું દદ્દાનું નામ લાખો કરોડો યુવાઓને પ્રેરિત કરશે.

પીએમએ કહ્યું, પાછલા વર્ષે સાત દાયકાની પ્રગતિને અમે જોઈએ તો આપણે જરૂર લાગે છે કે કેટલીક સ્થિતિઓ, કેટલીક સ્થિતિ એવી છે કે જેને ઘણા દાયકા પહેલા બદલી શકાતી હતી. ઘર, લાઈટ, પાણી, શૌચાલય, ગેસ, રસ્તા, હોસ્પિટલ, સ્કૂલ, જેવી અનેક મૂળ જરૂરીયાત છે જેની પૂર્તી માટે દાયકાઓ દેશવાસીઓએ રાહ જોવી પડી, આ દુખદ છે.

આપણે પુત્રીઓ ઘર અને રસોઈથી બહાર નિકળી રાષ્ટ્રનિર્માણમાં વ્યાપક યોગદાન ત્યારે આપી શકશે, જ્યારે પહેલા ઘર અને રસોઈ સાથે જોડાયેલી સમસ્યાઓ હલ થશે. તેથી છેલ્લા ૬-૭ વર્ષોમાં આવા દરેક સમાધાન માટ મિશન મોડ પર કામ કરવામાં આવ્યું છે. બહેનોના સ્વાસ્થ્ય, સુવિધા અને સશક્તિકરણના આ સંકલ્પને ઉજ્જવલા યોજનાએ ખુબ મોટુ બળ આપ્યું છે. યોજનાના પ્રથમ તબક્કામાં આઠ કરોડ ગરીબ, દલિત, વંચિત, પછાલ, આદિવાસી પરિવારોની બહેનોને ફ્રીમાં ગેસ કનેકશન આપવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨ કરોડથી વધુ ગરીબોને પાકા મકાન આપવામાં આવ્યા છે. આ ઘરોનો માલિકી હક મહિલાઓનો છે.

બુંદેલખંડ સહિત યૂપી અને બીજા રાજ્યોના અમારા અનેક સાથે કામ કરવા માટે ગામડાથી શહેરમાં જાય છે, બીજા રાજ્યોમાં જાય છે, પરંતુ ત્યાં તેની સામે એડ્રેસ પ્રમાણની સમસ્યા આવે છે. આવા લાખો પરિવારોને ઉજ્જવલા ૨.૦ યોજના સૌથી વધુ રાહત આપશે. હવે મારા શ્રમિક સાથીઓને સરનામાના પૂરાવા માટે આમતેમ ભટકવાની જરૂર નથી. સરકારને તમારી ઈમાનદારી પર સંપૂર્ણ વિશ્વાસ છે. તમારે સરનામા માટે માત્ર એક સેલ્ફ ડેકલેરેશન, એટલે કે ખુદ લખીને આપવાનું છે અને તમને ગેસ કનેક્શન મળી જશે.

મોદીએ કહ્યું, સરકારનો પ્રયાસ તે દિશામાં છે કે તમને રસોઈમાં પાણીની જેમ ગેસ પણ પાઈપથી આવે. તે ગેસ સિલિન્ડરના મુકાબલે સસ્તો પણ હોય છે. ઉત્તર પ્રદેશ સહિત પૂર્વી ભારતના અનેક જિલ્લામાં પીએનજી કનેક્શન આપવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. હવે દેશ મૂળ સુવિધાઓની પૂર્તિથી સારા જીવનના સપનાને પૂરુ કરવા તરફ વધી રહ્યો છે. સમર્થ અને સક્ષમ ભારતના આ સંકપ્લને આપણે મળીને સિદ્ધ કરવાનો છે. તેમાં બહેનોની વિશેષ ભૂમિકા રહેવાની છે.

## કપાસિયા અને સિંગતેલના ભાવ સરખા, ૧૫ કિલોના ડબ્બાનો ભાવ રૂ. ૨,૫૦૦ નોંધાયો



રાજકોટ,

દેશમાં એક તરફ કોરોનાની બીજી લહેર હજુ સંપૂર્ણ રીતે પૂરી થઈ નથી. તેવામાં સતત મોંઘવારી વધી રહી છે. જ્યારે દિવસેને દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. એવામાં હવે ખાદ્યતેલના ભાવમાં પણ વધારો થતાં મોંઘવારીનો માર સહન કરતી પ્રજા પર વધુ એક બોજો આવ્યો છે.

પેટ્રોલ-ડિઝલના ભાવની સાથે ખાદ્યતેલના ભાવમાં પણ દિવસેને દિવસે વધારો જોવા મળી રહ્યો છે. ગત અઠવાડિએ સિંગતેલ કરતાં કપાસિયાના તેલના ભાવ વધી ગયા હતા, પરંતુ હવે બન્ને તેલના ભાવ સરખા ચાલી રહ્યા છે.

ગત અઠવાડિયે સિંગતેલ કરતાં કપાસિયાના તેલના ભાવ રૂપિયા ૫૦થી લઈને ૭૦ સુધીના જોવા મળ્યા હતા. જ્યારે હવે ફરી ભાવ વધારો થતાં કપાસિયા તેલના અને સિંગતેલના ભાવ સરખા દેખાઈ રહ્યા છે. હાલ ૧૫ કિલોના ડબ્બાનો ભાવ રૂપિયા ૨,૫૦૦ નોંધાયો છે.

આગામી દિવસોમાં મહત્વના મનાતા એવા જન્માષ્ટમી, રક્ષાબંધન સહિતના તહેવારો આવી રહ્યા છે. તેવામાં ખાદ્યતેલ(Food Oli)ના ભાવમાં સતત વધારો થતાં સામાન્ય જનતા ત્રાહિમામ પોકારી ગઈ છે. જ્યારે તહેવારોની સિઝન આવતા હવે ખાદ્યતેલની માર્કેટમાં ડિમાન્ડ વધી રહી છે. જેને લઈને આ ભાવ વધારો થતો જોવા મળી રહ્યો છે.

તેલના ભાવમાં વધારા પાછળનું એક એવું કારણ પણ માનવામાં આવી રહ્યું છે કે, સામાન્ય દિવસ કરતા હવે તહેવારોમાં ખાદ્યતેલમાં ડિમાન્ડ વધી છે. જેને લઈને તેમાં ભાવ વધારો થયો હોવાની શક્યતાઓ જાણવા મળી રહી છે. જ્યારે અઠવાડિયે કપાસિયા તેલના ડબ્બાના ભાવ રૂપિયા ૨,૪૮૫ હતા અને સીંગતેલનો ડબ્બો રૂપિયા ૨,૪૯૦ની સપાટીની આસપાસ જોવા મળ્યો હતો. આમ કપાસિયા તેલના ભાવ સિંગતેલ કરતાં વધુ હતો જે આ અઠવાડિયે સરખા ચાલી રહ્યા છે. જ્યારે પામોલીન તેલે પણ રૂપિયા ૨,૦૦૦ની સપાટી કુદાવી છે.

## ભારતમાં કોરોના કેસોમાં મોટી રાહત, ૨૪ કલાકમાં ૨૮,૨૦૪ નવા સંક્રમિત નોંધાયા



ન્યુ દિલ્હી,

કોરોના સંકટની બીજી લહેરની અસર ઓછી થઈ રહી છે. ઓગસ્ટમાં પ્રથમવાર ૩૦ હજારથી ઓછા કેસ સામે આવ્યા છે. મંગળવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જારી આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૨૮,૨૦૪ નવા કેસ સામે આવ્યા અને ૩૭૩ લોકોના મોત થયા છે. આ પહેલા ૨૬ જુલાઈએ ૩૦ હજારથી ઓછા (૨૯,૬૮૯) કોરોના કેસ સામે આવ્યા હતા. તો દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૧,૫૧૧ લોકો કોરોનાને માત આપી સાજા થયા છે એટલે કે એક્ટિવ કેસમાં કુલ ૧૩૬૮૦નો ઘટાડો થયો છે.

મહામારીની શરૂઆતથી લઈને અત્યાર સુધી કુલ ત્રણ કરોડ ૧૯ લાખ ૯૮ હજાર લોકો સંક્રમિત થયા છે. તેમાંથી ૪ લાખ ૨૭ હજાર ૮૬૨ લોકોના મૃત્યુ થયા છે. સારી વાત છે કે અત્યાર સુધી ૩ કરોડ ૧૧ લાખ ૮૦ હજાર લોકો સાજાપણ થયા છે. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા હવે ચાર લાખથી ઓછી છે. કુલ ૩ લાખ ૮૮ હજાર લોકો હજુ કોરોનાથી સંક્રમિત છે, જેની સારવાર ચાલી રહી છે.

કેરલમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસ સંક્રમણના ૧૩૦૪૯ નવા કેસ સામે આવ્યા છે. ત્યારબાદ કુલ સંક્રમિતોની સંખ્યા વધી ૩૫ લાખ ૬૫ હજાર ૫૭૪ થઈ ગી છે. રાજ્ય તરફથી કહેવામાં આવ્યું છે કે મહામારીમાં વધુ ૧૦૫ લોકોના મોત થયા છે. ત્યારબાદ મૃત્યુઆંક વધીને ૧૭૮૫૨ પર પહોંચી ગયો છે. રાજ્યમાં અત્યાર સુધી ૩૩,૭૭,૬૯૧ લોકો સાજા થઈ ચુક્યા છે અને ૧,૬૯,૫૧૨ દર્દીઓ સારવાર હેઠળ છે. કેરલમાં સંક્રમણ દર ૧૩.૨૩ ટકા છે.

સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, ૯ ઓગસ્ટ સુધી દેશભરમાં ૫૧ કરોડ ૪૫ લાખ કોરોના વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. સોમવારે ૫૪.૯૧ લાખ ડોઝ આપવામાં આવ્યા છે. તો આઈસીએમઆર અનુસાર અત્યાર સુધી ૪૮ કરોડ ૩૨ લાખ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. સોમવારે ૧૫.૧૧ લાખ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા, જેનો પોઝિટિવિટી રેટ ૩ ટકાથી ઓછો છે.

દેશમાં કોરોનાથી મૃત્યુદર ૧.૩૪ ટકા છે, જ્યારે રિકવરી રેટ ૯૭.૪૫ ટકા છે. એક્ટિવ કેસ ૧.૨૬ ટકા છે. કોરોનાના એક્ટિવ કેસના મામલામાં વિશ્વમાં ભારતમાં આઠમાં સ્થાને છે. કુલ સંક્રમિતોની સંખ્યાના મામલામાં ભારત ૧૦માં સ્થાને છે. જ્યારે અમેરિકા, બ્રાઝિલ બાદ સૌથી વધુ મોત ભારતમાં થયા છે.

## રાજકીય પાર્ટીઓએ ઉમેદવારની જાહેરાતના ૪૮ કલાકની અંદર આપવી પડશે ક્રિમિનલ કેસોની જાણકારીઃ સુપ્રીમ



ન્યુ દિલ્હી,

રાજનીતિના અપરાધીકરણ સાથે જોડાયેલા એક કેસની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટએ આદેશ આપ્યો છે કે તમામ રાજકીય પાર્ટીઓને પોતાની પાર્ટીના ઉમેદવારોની જાહેરાત કર્યાના ૪૮ કલાકની અંદર તેમની સાથે જોડાયેલી તમામ જાણકારી સાર્વજનિક કરવી પડશે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું, જો કોઈ ઉમેદવારની ઉપર કોઈ અપરાધિક કેસ નોંધાયેલો છે કે કોઈ મામલામાં ઉમેદવાર આરોપી છે તો તેની જાણકારી પણ ૪૮ કલાકની અંદર આપવી પડશે. સુપ્રીમ કોર્ટે રાજકીય પાર્ટીઓના અપરાધિક રેકોર્ડવાળી ગાઈડલાઈન્સને વધુ કડક કરી છે અને પોતાના જૂના ચુકાદામાં સુધારો કર્યો છે. સુપ્રીમ કોર્ટ રાજનીતિમાં અપરાધીકરણ સાથે જોડાયેલા ૧૩ ફેબ્રુઆર, ૨૦૨૦ના પોતાના ચુકાદાને સંશોધિત કરતાં કહ્યું કે, રાજકીય પાર્ટીઓને ચૂંટણી માટે પસંદગી કરેલા ઉમેદાવારોનો અપરાધિક ઈતિહાસ પણ પ્રકાશિત કરવો પડશે. આ પહેલા ફેબ્રુઆરી ૨૦૨૦માં સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદાના પેરેગ્રાફ ૪.૪માં આદેશ આપ્યો હતો કે તમામ રાજકીય પાર્ટીઓને ઉમેદવારોની પસંદગીના ૪૮ કલાકની અંદર કે નોમિનેશન દાખલ કરવાની પહેલી તારીખથી ઓછામાં ઓછા બે સપ્તાહ પહેલા, જે પણ પહેલા હોય તે ઉમેદવાર સાથે જોડાયેલી જાણકારી સાર્વજનિક કરવી પડશે. ઉમેદવાર પર જો કઈ અપરાધિક કેસ નોંધાયેલો છે તો તેની પણ જાણકારી સાર્વજનિક કરવી જરુરી હશે. સુનાવણી દરમિયાન ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને કહ્યું કે, જે પણ રાજકીય પાર્ટી ઉમેદવારોના અપરાધિક રેકોર્ડ સાર્વજનિક નહીં કરે તેની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવાને ધ્યાને લઈ પાર્ટીના ચૂંટણી ચિન્હને ફ્રીઝ કે સસ્પેન્ડ રાખવામાં આવશે. તેની પર રાજકીય પાર્ટી ઝઁસ્તરફથી વકીલે કોઈ શરત વગર માફી માંગતા કહ્યું કે, અમારો પણ આવો વિચાર છે કે રાજનીતિનું અપરાધીકરણ ન થવું જોઈએ. તેની પર કોર્ટે CPMના વકીલને કહ્યું કે, માફથી કામ નહીં ચાલે. અમારા આદેશોનું પાલન કરવું પડશે.

## ગુજરાતમાં કોવેક્સીન રસીના ઉત્પાદન માટે ભારત સરકારની મંજૂરી

અંકલેશ્વર,

ગુજરાતમાં હાલ ઝડપથી વેક્સીનેશન પ્રોગ્રામ ચાલી રહ્યો છે. આ વચ્ચે ગુજરાતમાં કોરોનાની વેક્સીન બનવાની જાહેરાત થઈ છે. ત્યારે હવે કોવેક્શીન વેક્સીન બનાવવામાં ગુજરાતનો મોટો રોલ હશે. અંકલેશ્વર સ્થિત કંપનીની સબસિડરી ચિરોન બેહરિંગ વેક્સિનમાં કોવેક્સીન રસીના ઉત્પાદનને મંજૂરી આપી દેવાઈ છે. ત્યારે જ જલ્દી જ અંકલેશ્વરમાં કોવેક્સીનનુ પ્રોડક્શન શરૂ થઈ જશે. આ વાતની માહિતા આપતા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સબકો વેક્સીન મુફ્ત વેક્સીન અંતર્ગત દેશની સૌથી મોટી વેક્સિનેશન ડ્રાઈવ ચાલી રહી છે.

ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિન વેક્સિનને હાલમાં માન્યતાપ્રાપ્ત અપાઈ છે. ત્યારે હવે કોવેક્સીનનુ ઉત્પાદન ગુજરાતના અંકલેશ્વરમાં કોવેક્સિનનું ઉત્પાદન થવા જઈ રહ્યું છે. દેશભરમાં વેક્સીનેશન થવાનું છે, તેથી મોટાપાયે વેક્સીનની જરૂરિયાત છે. તેથી વેક્સીનનું ઉત્પાદન વધારવાની પણ જરૂરિયાત છે. આવામાં અંકલેશ્વર સ્થિત સબસિડરી ચિરોન બેહરિંગ વેક્સિનની વાર્ષિક ૨૦૦ મિલિયન ડોઝ ઉત્પાદન ક્ષમતા છે. યુનિટ એના રેબિટ્સની વેક્સિનના ઉત્પાદનને અટકાવી કોરોના વેક્સિનનું ઉત્પાદન શરૂ કરશે.

હાલ માત્ર હૈદરાબાદ અને બેંગલુરુમાં જ કોવેક્સિનનું ઉત્પાદન થઈ રહ્યું છે. ત્યારે ગુજરાતનું નામ પણ તેમાં જોડાયું છે. આમ, કોરોના મહામારી નાથવામાં ગુજરાતનો પણ મોટો ફાળો રહેશે.

## GSTની ટીમ દ્વારા રાજ્યના પેટ્રોલપંપ સંચાલકોને ત્યા દરોડા, ૪૦૦ કરોડનું પેટ્રોલ બારોબાર વેચી ટેક્સચોરી કરી




અમદાવાદ,

તાજેતરમાં સ્ટેટ જીએસટીની ટીમ દ્વારા રાજ્યના પેટ્રોલપંપ સંચાલકોને ત્યાં સાગમટે દરોડા પાડવામાં આવ્યા હતા. ટેક્સ ચોરીના કૌભાંડમાં રાજ્યના ૧૦૪ પેટ્રોલપંપ પર દરોડા દરમિયાન ટેકસ ચોરી તેમજ વેટના રજિસ્ટ્રેશન રદ થવા છતાં તેઓએ પેટ્રોલનું વેચાણ ચાલું રાખ્યું હતું. અત્યાર સુધીમાં પેટ્રોલપંપ સંચાલકોએ રૂ. ૪૦૦ કરોડનું પેટ્રોલ બારોબાર વેચીને રૂ. ૬૫ કરોડની ટેકસ ચોરી કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પેટ્રોલનો ભાવ રૂ. ૧૦૦ની નજીક પહોંચી ગયા છે ત્યારે કેટલાક પેટ્રોલ પંપ સંચાલકો ગેરરીતિ કરવામાંથી ખચકાઈ રહ્યા નથી. જીએસટી લાગુ થયાને ચાર વર્ષ વીતી ગયા તેમ છતાં નંબર લેવાયા ન હતા. આ પેટ્રોલ સંચાલકો ટેકસ ભર્યા વગર પેટ્રોલ વેચતા હતા. વેટના રજિસ્ટ્રેશન વગર ૨૭ પેટ્રોલ પંપ વેચાણ કરતા હતા, જેમણે રજિસ્ટ્રેશન વગર અંદાજે રૂ. ૪૦૦ કરોડનું વેચાણ કર્યા હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત કેટલાક પેટ્રોલ પંપો ભરવાપાત્ર વેરો ન ભરીને ટેકસ ચોરી કરી હોવાનું જાણવા મળ્યું છે. અત્યાર સુધીની તપાસમાં રૂ. ૬૪ કરોડનો વેરો ભરપાઈ કર્યો ન હોવાનું બહાર આવ્યું છે. પેટ્રોલપંપ સંચાલકોની મિલકતો ટાંચમાં લેવામાં આવી છે.

## સંસદનું ચોમાસુ સત્રઃ પીએમ મોદીએ રાજ્યસભામાં ગેરહાજર ભાજપના સાંસદની યાદી માગી

ન્યુ દિલ્હી,

સંસદનુ ચોમાસુ સત્ર ચાલી રહ્યુ છે અને સોમવારે રાજ્યસભામાં એક અવસર એવો આવ્યો જ્યારે વિપક્ષે બિલને પસંદગી સમિતિની પાસે મોકલવાની માગ કરી. વિપક્ષની આ માગ પર વોટિંગ કરવામાં આવ્યુ. આ વોટિંગ દરમિયાન કેટલાક ભાજપ સાંસદ હાજર નહોતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એવા સદસ્યોનુ લિસ્ટ માગ્યુ છે.

મંગળવારે સદનની કાર્યવાહી શરૂ થયા પહેલા ભાજપ સંસદીય દળની બેઠક થઈ. આ બેઠકમાં પીએમ મોદી પણ હાજર હતા. પીએમ મોદીએ બેઠકમાં આ ભાજપ સાંસદની યાદી માગી જે રાજ્યસભામાં ઉપસ્થિત નહોતા.

જો કે, સોમવારે રાજ્યસભામાં નાણા મંત્રી નિર્મલા સીતારમણે ટ્રિબ્યુનલ રિફોર્મ બિલ ૨૦૨૧ રજૂ કર્યુ હતુ. વિપક્ષ આ બિલનો વિરોધ કરી રહ્યુ હતુ. આ બિલને પસંદગી સમિતિની પાસે મોકલવાની માગ કરી રહ્યુ હતુ. વિપક્ષની માગ પર રાજ્યસભામાં વોટિંગ કરાયુ.

બિલ પસંદગી સમિતિની પાસે મોકલવાના પક્ષમાં ૪૪ મત પડ્યા જ્યારે આના વિરોધમાં ૭૯ મત પડ્યા. આ રીતે વિપક્ષની માગ રદ થઈ ગઈ અને આ બિલ થોડી વાર બાદ પસાર થઈ ગયુ પરંતુ આ વોટિંગ દરમિયાન ભાજપના કેટલાક સાંસદ હાજર રહ્યા નહીં. એવા સાંસદોની જ પીએમ મોદીએ યાદી માગી છે.

સંસદીય દળની બેઠકમાં પીએમ મોદીએ એ પણ કહ્યુ કે પોતાના વિસ્તારમાં સ્પોર્ટસને પ્રોત્સાહન આપો. પીએમ મોદીએ સંસદીય દળની બેઠકમાં ઓલંપિયનના સન્માનમાં ઉભા થઈને અભિવાદન કરવા માટે પણ કહ્યુ.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એકતા સ્વ સહાય મહિલા મંડળ

જસુણી ફળીયું, મુ. જસુણી, તા. સંજેલી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કામોલ રામસીંગભાઈ મનસુખભાઈ

૪૯ મંદીર ફળીયું, મુ.ડુંગરા, તા. સંજેલી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કામોલ સંજયકુમાર લીમજીભાઈ

બોડા ડુંગર, મુ. કરબા, તા. સંજેલી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ચરપોટ સરલાબેન દલસીંગભાઈ

મહાકાળી મંદીર ફળીયા, મુ. કોટા, તા. સંજેલી

# સંતરામપુરના ભમરી ગામે ૪૦૦ રૂપીયા માટે યુવકનું ગળું દબાવી હત્યા કરાઈ

સંતરામપુર, સંતરામપુર તાલુકાના ભમરી ગામની ઘટના સંતરામપુરના ભમરી ગામે ૪૦૦ રૂપિયા માટે ગળુ દબાવી યુવકની હત્યા કરી તું અગાઉના મારા હવા પુરવાના કામ તોડી ને નુકસાન કરેલું તેના ૪૦૦ રૂપિયા તું કેમ નથી આપતો કહીને હુમલો કર્યો હતો સંતરામપુર તાલુકામાં છેલ્લા બે માસમાં હત્યાના ગુના ઓ અને ક્રાઈમ સતત થયેલો વધારો સંતરામપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં નાજેવી ચારસો રૂપિયાની રકમ માટે યુવાનની કરેલી હત્યા સંતરામપુર તાલુકાના ભમરી ગામી બીડી પીવા રોકાયેલા યુવકને દુકાનદારનો હવા ભરવાનો પંપ તોડી નાખ્યો હતો. જેની નુકસાનનો ૪૦૦ રૂપિયા બાબતમાં ઝઘડો થયો હતો. યુવક્ના પરિવારમાં જીવ ગુમાવનાર ભારે શોકનું મોજુ છવાયુ હતું. સંતરામપુર પોલીસ દુકાનદાર સામે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી હતી. સંતરામપુર ભમરા ગામે રહેતા તેરસીંગભાઈ પારગી ૧ અઠવાડિયા પહેલા ગાડી ખરીદી હતી. આ ગાડી ઉપર ગામનો યુવક સુરેશભાઈ માનસિંગભાઈ ડામોર ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો. આઠમી તારીખના રોજ તેરસીંગભાઈનો પુત્ર હીરાભાઈ પારગી અને ભત્રીજો વિપુલભાઈ પારગી બાઈક પર નીકળેલા હતા ત્રણેય યુવાનો એક સાથે હતા. રાત્રીના નવેક વાગે વિપુલ હાફ તો ગભરાઈને ઘરે આવ્યો હતો. અમે તેના પરિવારને તેરસિંગભાઈને મળીને હીરાબાની હત્યા થઈ તે જણાવ્યું હતું. તમને ઘરના પરિવારોએ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સંતરામપુર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી અને હત્યારાને અટકાયત પણ કરવામાં આવેલી હતી.

## લુણાવાડા વિરણીયા ચોકડી થી દેવ તરફના માર્ગ ઉપર પશુઓના ત્રાસ થી વાહન ચાલકો પરેશાન

લુણાવાડા, લુણાવાડાના વિરણીયા ચોકડી થી દેવ તરફ જતા માર્ગ ઉપર પશુઓની મોટા પ્રમાણમાં અવર–જવર રહેતી હોય છે. અચાનક રોડ ઉપર પશુઓ આવી જતાં વાહન ચાલકો અકસ્માતનો ભોગ બનતા હોય છે. ત્યારે પોલીસ તંત્ર માર્ગ ઉપર ઢોર ચરાવતા લોકો સામે કાર્યવાહી કરે તે જરૂરી છે.

લુણાવાડા તાલુકાના વિરણીયા ચોકડી થી દેવ તરફ જતા માર્ગ ઉપર પશુઓની અવર–જવર હોવાથી ત્યાંથી પસાર થતા નાના–મોટા વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. રોડ ઉપર અચાનક પશુઓ આવી જવાને લઈ નાના દ્વિચક્રી વાહન ચાલકો પશુઓની અડફેટમાં આવી જતાં હોય છે. જેને લઈ વાહન ચાલકોને ઈજાઓ તેમજ વાહનને નુકશાન જેવા બનાવો કાયમી થઈ ગયા છે. રોડ ઉપર પસાર થતાં પશુઓને ઈજાઓ થાય તો નજીક રોડ સાઈડમાં બેસીને પશુઓ ચરાવતા પશુપાલકો વાહન ચાલક પાસેથી પૈસાની માંગણી કરતા હોય છે. જ્યારે પશુઓને કારણે વાહન ચાલક અને વાહનને નુકશાન થાય તો પશુપાલકો દાદાગીરી કરીને ધમકાવી રહ્યા છે. માર્ગ ઉપર રોડ સાઈડોમાં પશુ ચરાવતા પશુપાલકો બેધ્યાન બનીને પશુઓને રોડ ઉપર જતાં અટકાવતા નથી. પરિણામે પશુઓને લઈ નાના–મોટા અકસ્માત અવારનવાર બનતા હોય છે. ત્યારે પોલીસ વિભાગ દ્વારા વિરણીયા ચોકડી થી દેવ તરફના માર્ગ ઉપર પશુઓ ચરાવતા પશુપાલકો ઉપર કાર્યવાહી કરે તે જરૂરી છે.

# વરસાદ ખેંચાતા મહિસાગર જિલ્લાના ખેડુતોને પાક નિષ્ફળ જવાનો ભય

લુણાવાડા, મહિસાગર જિલ્લામાં શરૂઆતના સમયમાં વાવણી લાયક વરસાદથી ખેડુતોમાં ખુશીની લહેર જોવા મળી હતી. અને હોંશે હોંશે ખેડુતોએ મોંઘાભાવનુ ખાતર–બિયારણ અને ડીઝલ લાવી ખેતરમાં વાવણી કરી હતી. જિલ્લામાં ચોમાસાની સીઝનમાં સૌથી વધુ ડાંગરની રોપણી થાય છે. જેમાં પાણીની સૌથી વધારે જરૂર પડતી હોય છે. પરંતુ શરૂઆતમાં સારા વરસાદ બાદ હવે તે ખેડુતો સાથે વરસાદ સંતાકુકડી રમી રહ્યો તેમ છેલ્લા કેટલાંક દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ રહે છે. પરંતુ વરસાદ ન પડતા ખેડુતો નિરાશ જોવા મળ્યા હતા. ત્યારે હવે જો વરસાદ નહિ આવે તો ખેડુતોની ચિંતામાં વધારો થયો છે. ખેડુતોએ વ્યાજે પૈસા લાવીને ખેતરમાં વાવણી કરી હતી. અને હવે જો પાણી નહિ મળે તો તેઓને ભારે નુકસાન જવાની ભિતી સેવાઈ રહી છે. જિલ્લામાં ગત વર્ષ ૧૫૧૯ મિ.મી.અને આ વર્ષ ૧૪૨૫ મિ.મી.વરસાદ પડ્યો છે. ગત વર્ષે અતિવૃષ્ટિના કારણે પાક નહોતા લઈશક્યા અને હવે અનાવૃષ્ટિના કારણે જેથી ખેડુતો હાલ કુદરત પાસે પણ વરસાદની આશા રાખી રહ્યા છે. ત્યારે વરસાદ ન હોય તો કેનાલમાં પાણી છોડવાની માંગ કરી રહ્યા છે. જેથી તેઓના પાકને જીવતદાન મળી શકે અને તેઓની ચિંતા થોડી હળવી થાય ત્યારે કડાણા ડેમમાં હાલ પાણી ઓછુ હોવાના કારણે ડેમ પર પણ નિરાશાના વાદળો ઘેરાયેલા જોવા મળી રહ્યા છે.

# વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ-પ્રદર્શન માં સમગ્ર મહિસાગર જિલ્લાનું ગૌરવ વધારતી નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળા




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, જીસીઈઆરટી ગાંધીનગર આયોજિત ઝોન/રાજ્ય કક્ષાના વર્ચ્યુઅલ વિજ્ઞાન–ગણિત–પર્યાવરણ–પ્રદર્શન માં મહિસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળીયા પગાર કેન્દ્રની નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળાએ કુલ ૫ વિભાગો પૈકી વિભાગ ૪ ઐતિહાસિક વારસો અને વિભાગ ૫ ગાણિતિક રમકડા એમ ૨ વિભાગોમાં પોતાની શાળાનું પ્રેઝન્ટેશન વર્ચ્યુઅલી અને વિડીયો દ્વારા રજૂ કરેલ. જે પૈકી નિર્ણાયકોનો નિર્ણય અને વર્ચ્યુઅલ પ્રશ્નોત્તરીના આધારે વિભાગ–૪ ઐતિહાસિક વારસોમાં શાળાના મદદનીશ શિક્ષક સુરેશચંદ્ર લક્ષ્મીરામ ભાવસાર ના માર્ગદર્શન હેઠળ બનાવેલ સ્થિર અને ગતિમાન રમકડા કૃતિ શાળાના બાળ વૈજ્ઞાનિકો સંગાડા ઘનશ્યામ જેસિંગભાઈ ધોરણ ધોરણ ૮ અને રાવત કાજલ લાલસીંગ ભાઈ ધોરણ ૭ ના અસરકારક અને સુંદર રજૂઆતના આધારે રાષ્ટ્રીય કક્ષા માટે પસંદ કરવામાં આવી. વર્તમાન કોમ્પ્યુટર અને ટેકનોલોજીના યુગમાં લુપ્ત થતી રમતો આજના યુગમાં બાળકો વચ્ચે કેવી રીતે લાવી અને તે પ્રાચીન રમતો બાળકો કેવી રીતે રમતા થાય એ હેતુથી બનાવેલ ૩૦ થી ૪૦ જેટલી સ્થાનિક રમતો અને આપણા ઐતિહાસિક વારસા માં મળેલી રમતો સુંદર અને અસરકારક રજૂઆત બાળકો દ્વારા કરવામાં આવી. સદર કૃતિની રાષ્ટ્ર કક્ષાએ નોમિનેશન થવા બદલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુરના પ્રાચાર્ય ડો એ.વી પટેલ, વિજ્ઞાન સલાહકાર હિતેન્દ્ર કે પટેલ, સ્કૂલ ઈન્સ્પેક્ટર અજયભાઈ સોલંકી, બી.આર.સી કો ઓર્ડીનેટર ભરતભાઈ પટેલ, સી.આર.સી.કો–ઓર્ડીનેટર ગુલાબસિંહ કે ડામોર, પગાર કેન્દ્ર આચાર્ય ઘનશ્યામભાઈ યાદવ, શાળાના આચાર્ય લખમણભાઈ ખરાડી, સમગ્ર શાળા પરિવાર અને શાળા વ્યવસ્થાપન સમિતિ નરસિંગપુરના અધ્યક્ષ કોયાભાઈ ભાભોર અને સમગ્ર SMC ના સભ્યોએ ખુબ ખુબ શુભેચ્છા સહ અભિનંદન પાઠવેલ છે.

# ગોધરા તાલુકાના ઓરવાડા ગામે ખેડુતો દ્વારા નેશનલ હાઈવે માટે સંપાદિત થયેલ જમીન અને મકાનોના વળતર નહિ ચુકવાતા કલેકટરને આવેદન

ગોધરા, અમદાવાદ – ઈન્દૌર(ગોધરા–દાહોદ)નેશનલ હાઈવે નં–૪૭માં ગોધરા તાલુકાના વિવિધ ગામોના ખેડુતોની જમીન તેમજ મકાનો સંપાદિત થયેલા હતા. તેવા ખેડુતોને સરકાર દ્વારા આજદિન સુધી વળતર નહિ ચુકવતા ખેડુતો પૈકીના ઓરવાડા ગામના ખેડુત રામસિંહ વણઝારા તેમજ જિલ્લા પંચાયત પંચમહાલના દંડક અરવિંદસિંહ પરમાર દ્વારા મુખ્યમંત્રી અને જિલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી હતી. ત્યારે મહેસુલ મંત્રી દ્વારા જાહેર કરાયેલી જોગવાઈ અનુસાર ખેડુતોએ રાજયના મુખ્યમંત્રી અને જિલ્લા કલેકટરને રજુઆત કરી હતી.

આ રજુઆતમાં જણાવ્યાનુસાર ગોધરા તાલુકાના વિવિધ ગામના ખેડુતો ખાતેદારોની જમીન તથા મકાનો વર્ષ–૨૦૧૦માં સંપાદિત કરી હતી. જેનુ વળતર અસરગ્રસ્તોને રૂ.૧૨, રૂ.૧૭ અને રૂ.૨૦ના નજીવા ભાવે મળ્યુ છે. જે આપેલા વળતરની રકમ અસરગ્રસ્તોએ વાંધા સહિત સ્વિકારી છે. જે અંદાજે ૫૦૦ જેટલા અસરગ્રસ્તો છે. અને આ તમામ અસરગ્રસ્તો લાંબા સમયથી વળતર મેળવવા માટે ધકકા ખાઈ રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષથી સંબંધિત વિભાગોમાં રજુઆત કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી વળતર નહિ મળતા ખેડુતોને આ પ્રશ્ન પડતર છે આ અંગે જિલ્લાના અસરગ્રસ્તો એવા ખેડુતો દ્વારા આગામી સમયમાં ન્યાય ન મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે જઈ નેશનલ હાઈવે બંધ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## કાલોલના સાતમણા ગામે તળાવ માંથી અજાણ્યા વ્યકિતનો મૃતદેહ મળી આવતાં ચકચાર



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકાના સાતમણા ગામના વિસ્તારમાં આવેલ ઘાંચી તળાવ માંથી એક ૪૦ વર્ષના પુરૂષની નિકોમ્પોશ થયેલ બિનવારસી લાશ મળી આવતા આસપાસના ગામોના રાહીશોમાં ચકચાર મચી ગયો હતો. સદર બનાવની જાણ કાલોલ પોલીસ ને થતાં પહોંચી તળાવના પાણીમાં તરતી બિનવારસી લાશને પાણી માંથી તરવૈયા દ્વારા બહાર કાળી નિકોમ્પોશ હાલત થઈ ગયેલ લાશને પોસ્ટમોટર્ન કરી પોલીસે લાશનો નાશ કર્યો હતો. જેની કાલોલ પોલીસ સ્ટેશનમાં અગમ્ય કારણોસર મોતની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## GFL દ્વારા રણજીતનગર હસ્તકળા કેન્દ્ર ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું



GFL દ્વારા રણજીતનગર ખાતે રણજીતનગર હસ્તકળા કેન્દ્રની તાલીમાર્થી બહેનો માટે હસ્તકળા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શણ, મશલીન અને સુતરાવ કાપડમાથી શોપીંગ બેગ, લેડીસ પર્સ તેમજ પાઉચ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં ૨૧ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. જીએફએલ દ્વારા રણજીતનગર અને તેની આસપાસનાં ગામની બહેનોને ઘર આંગણેજ રોજગારી મળી રહે તે માટે તેઓને તાલીમ અને માર્કેટિંગમાં મદદ કરવામાં આવે છે.

## હાલોલ GIDCની શુભમ ઈન્ડસ્ટ્રિઝમાંથી ૨.૧૩ લાખની પ્લાસ્ટિક દાણાની ચોરીની ફરિયાદ

હાલોલ, હાલોલ જી.આઈ.ડી.સી.માં આવેલ પ્લાસ્ટિક ઝભલાઓનુ ઉત્પાદન કરતી કંપનીના કર્મચારીઓ દ્વારા કંપનીના રૂ.૨,૧૩,૯૩૪ના પ્લાસ્ટિના દાણાની ૭૪ બેગની ચોરી થઈ હતી.

હાલોલ જી.આઈ.ડી.સી.માં શુભમ ઈન્ડસ્ટ્રિઝ કંપનીમાં પ્લાસ્ટિકના દાણાનો ઉપયોગ થતો હોય તેના કરતા ઉત્પાદન ઓછુ થતુ હોવાને કારણે કંપનીના માલિક રમણભાઈ મારૂ (રહે.હાલોલ)ને શંકા જતા વોચ રાખી હતી. દરમિયાન સુપરવાઈઝર કનુભાઈ ભાવાજી માળી તથા દશરથભાઈ ઉકાજી માળી દ્વારા પ્લાસ્ટિકના દાણાનો ટેમ્પો ભરાયો હતો. જેથી કંપનીના માલિકે ટેમ્પા ચાલક અને તેના માલિકને શોધી કાઢી તપાસ કરતા માલુમ પડ્યુ હતુ કે આ બંને કર્મચારીઓએ અલગ અલગ દિવસે પ્લાસ્ટિકના દાણાની ૭૪ બેગ જેની કિ.રૂ.૨,૧૩,૯૩૪નો જથ્થો કંપનીમાંથી કાઢી અન્ય જગ્યાએ વેચી દેવાનુ જાણવા મળ્યુ હતુ. જેથી કંપની માલિકે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## હાલોલ-વડોદરા રોડ ઉપર જેન પાસે ઝાડમાં આગ લાગી : ફાયર ફાયટરોએ આગ પર કાબુ મેળવ્યો



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ, હાલોલ–વડોદરા હાઈવે રોડ ઉપર જેન પાસે ઝાડમાં આગ લાગતાં અફરા–તફરી મચી જવા પામી હતી. ફાયર ફાયટરો એ આગ પર કાબુ મેળવ્યો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ–વડોદરા હાઈવે રોડ ઉપર જેન પાસે લીમડાના ઝાડમાં એકાએક આગ લાગતાં અફરા તફરી મચી જવા પામી હતી. ઝાડમાં આગ લાગતા લોકટોળા ઉમટી પડયા હતા. સ્થાનિકો દ્વારા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. ઝાડમાં લાગેલ આગને કારણે વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો.

## ઘોઘંબાના વેલકોતર ગ્રામપંચાયતના જાગાના મુવાડામાં સરકારી શોપિંગ સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના વેલકોતર ગ્રામપંચાયતમાં આવતા જાગાના મુવાડામાં કાલોલ ધારાસભ્ય સુમન બહેન ચૌહાણ તથા મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબહેન સુથારના હસ્તે ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. વેલકોતર ગ્રામપંચાયત આર્થિક રીતે સદ્દર બને તેવા ઉમદા હેતુસર ગામમાં શોપિંગ સેન્ટર બનવા જઈ રહ્યું છે. જેમાં સ્થાનિક લોકોને રોજગારી મળશે ખાત મુહુર્તના કાર્યક્રમમાં રંગેશ્વરી રાઠવા, છેલુભાઈ રાઠવા, ગુણવંતસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતમાં સંભવિત કોરોનાની ત્રીજી લહેરનો ખતરો, અ.મ્યુ.કો હરકતમાં આવ્યું

અમદાવાદ, અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમણ પાછું ન ફેલાય તે માટે તંત્ર અલર્ટ બન્યું છે દેશમાં સંભવિત કોરોનાની ત્રીજી લહેરનો ખતરો મંડરાયેલો છે તે જોતો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હરકતમાં આવ્યું છે. કેસ ફરી ન વકરે તે માટે પ્રશાસન તરફથી તકેદારીના ભાગ રૂપે શહેરમાં ૩૯ જેટલા ડોમ ફરી શરૂ કરવામાં આવ્યા છે. શહેરમાં હાલ મનપા તરફથી ૨૦૦ સ્થળ પર વેક્સિન આપવામાં આવી રહી છે. સાથે જ ૩૯ સ્થળો પર ટેસ્ટિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ મનપાએ રેપીડ અને RTPCR ટેસ્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. અમદાવાદ મનપાએ રોજના ૫ હજાર ૫૦૦ ટેસ્ટ કરવાનો દાવો કર્યો છે. મહત્વનું છે કે કોરોનાની બીજી લહેરમાં શહેરમાં આરોગ્યની સુવિધાઓ કથડી હતી જેને લઈ આ વખતે મનપાએ પહેલાથી અગમચેતીના ભાગ રૂપે તૈયારીઓ શરૂ કરી દીધી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૮,૨૦૮ નવા કેસ નોંધાયા છે અને ૪૧,૫૧૧ લોકોએ કોરોનાને માત આપી છે જ્યારે દેશમાં ૧૩ દિવસ બાદ નોંધાયા ૩૦ હજારથી ઓછા કેસ નોંધા છે અને ૨૪ કલાકમાં ૩૭૩ સંક્રમિતોના મોત. જો ગુજરાતમાં કોરોના કેસની વાત કરવામાં આવે તો ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૯ કેસ સામે આવ્યા છે ૨૪ કલાકમાં ૧૭ દર્દીએ કોરોનાને મ્હાત આપી છે. જેને પગલે રાજ્યનો રિક્વરી રેટ ૯૮.૭૫ ટકા થયો છે. કોરોના વાયરસના કારણે રાજ્યમાં આજે એક પણ દર્દીનું મોત નથી થયું.

# હાઈકોર્ટે સરકારને દલિત મહિલા ઉમેદવારને DYSP તરીકે નિમણૂંક આપવા આદેશ કર્યો



અમદાવાદ, ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને જીપીએસસીને શિડ્યૂલ કાસ્ટનાં મહિલા ઉમેદવારને ડીવાયએસપીના પદ પર નિમણૂક આપવા માટે આદેશ કર્યો છે. મહિલાએ ૨૦૧૯માં જીપીએસસી દ્વારા લેવાયેલી વર્ગ ૧-૨ની પરીક્ષા આપી હતી, જેમાં તેમનો ૪૩મો નંબર આવ્યો હતો. જોકે, તેમણે ફર્સ્ટ પ્રેફરન્સ તરીકે પોલીસ વિભાગમાં નોકરી પસંદ કરી હોવા છતાંય તેમને બદલે ૧૧૦મા ક્રમે આવેલાં અન્ય એક મહિલા ઉમેદવારને ડીવાયએસપીના પદે નિમણૂંક અપાઈ હતી. જ્યારે અરજદાર તેના માટે પાત્રતા ધરાવતા હોવા છતાંય તેમને પોતાના થર્ડ પ્રેફરન્સ અનુસાર રાજ્ય કર વિભાગમાં નિમણૂંક મળી હતી. આ મામલે સુનાવણી કરતા જસ્ટિસ એ.એસ. સુપેહિયાએ આદેશ આપ્યો હતો કે અરજદાર રોશની સોલંકીની ડીઆયએસપીના પદે નિમણૂક કરવામાં આવે. અરજદારે કોર્ટમાં કરેલી અરજીમાં દાવો કર્યો હતો કે તેમના બદલે એક જનરલ કેટેગરીનાં મહિલા ઉમેદવારને ડીવાયએસપી તરીકે અપોઈન્ટ કરાયાં છે. મેરિટમાં પોતે આગળ હતાં અને ફર્સ્ટ પ્રેફરન્સમાં આ પદ માટેની પસંદગી દર્શાવી હોવા છતાંય જે ઉમેદવાર મેરિટમાં પાછળ હોવા ઉપરાંત તેમણે આ પોસ્ટને સેકન્ડ પ્રેફરન્સમાં દર્શાવી હતી તેમને તેના પર નિમણૂંક અપાઈ છે.

જીપીએસસીએ આ મામલે કોર્ટને જણાવ્યું હતું કે રોશની સોલંકીએ અરજી કરતી વખતે અનામત કેટેગરી પસંદ કરી વયમર્યાદામાં છૂટનો લાભ લીધો હોવાથી તેમને ડીવાયએસપીના પદ પર નિમણૂંક આપવામાં નહોતી આવી. આ મામલે કોર્ટે જણાવ્યું હતું કે, જીપીએસસી દ્વારા અપાયેલા કારણ સાથે કોર્ટ સહમત નથી. વળી, અરજદારના મેરિટને જોતાં તેઓ જનરલ કેટેગરીના તમામ માપદંડોમાં ખરાં ઉતરે છે, અને તેમને અનામતની કોઈ જરુર જ નથી. બીજી તરફ, GPSC કે સરકાર અરજદારે અનામતનો લાભ લીધો હોવાના પુરાવા કોર્ટમાં રજૂ કરી નથી શક્યા નથી. આમ, તેમને DySPના પદે નિમણૂક ના આપવાનો નિર્ણય ગેરકાયદે અને અયોગ્ય છે.

રોશની સોલંકીના વકીલ ચેતન પંડ્યાએ આ અંગે જણાવ્યું, અરજદારના મુખ્ય લેખિત પરીક્ષામાં ૪૭૭.૭૫ માર્ક્સ આવ્યા હતા, જ્યારે જનરલ કેટેગરીમાં મહિલાઓ માટેનું કટ-ઓફ ૪૪૨.૫૦ માર્ક્સ પર અટક્યું હતું. જેથી તેઓ જનરલ કેટેગરીમાં પસંદગી પામવા માટે પણ લાયકાત ધરાવતાં હતાં.

## ST નિગમ તહેવારો દરમિયાન રાજ્યમાં ૬૦૦ એક્સ્ટ્રા બસો દોડાવશે

અમદાવાદ, રાજય માં કાલ થી શ્રાવણ માસ ચાલુ થયો છે મોટા ભાગના તહેવારો શ્રાવણ માં આવતા હોય છે. જેમાં લોકો મોટે ભાગે બહાર જતા હોય છે હવે તહેવારો શરૂ થતા જ મુસાફરો માટે એસટી નિગમ દ્વારા મોટા ભાગના ધાર્મિક સ્થળો પર ટ્રીપમાં વધારો કરવામાં આવ્યો છે. ત્યારે ગુજરાત રાજ્ય માર્ગવાહન વ્યવહાર પરિવહન નિગમ દ્વારા વધારે ૬૦૦ એક્સ્ટ્રા બસો મુકવામાં આવી છે. જેથી મુસાફરોને સરળતા રહે ઉપરાંત આવકમાં પણ વધારો કરી શકાય. લોકો સામાન્ય રીતે રજાઓ અને તહેવારો દરમિયાન સોમનાથ, અંબાજી, પાવાગઢ, ડાકોર, ચોટીલા, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મુસાફરો મોટા પ્રમાણમાં જાય છે. જેના લીધે સ્પેરમાં રખાતી ૧૦ ટકા બસ પૈકીની ૬૦૦ જેટલી બસોને આ રૂટ પર એક્સ્ટ્રા મુકવામાં આવી છે. જન્માષ્ટમી, રક્ષાબંધન જેવા તહેવારોમાં આ બસોનું સંચાલન કરવામાં આવશે. જેના કારણે એસટી દ્વારા આ તહેવારો અને તેની આસપાસનાં દિવસો દરમિયાન એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. જેથી નાગરિકોની સુવિધામાં તો વધારો થાય જ સાથે સાથે એસટી કોર્પોરેશનની આવકમાં પણ વધી શકશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૧-૦૮-૨૦૨૧, બુધવાર, શ્રાવણ સુદ-ત્રીજ, સૂર્યોદય-૬-૧૫, સૂર્યાસ્ત-૭-૧૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કન્યા(પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તરા ફાલ્ગુની

-શુભ ચોઘડીયા-

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

-શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૧.૦૮.૨૦૨૧ બુધવાર

મેષ (અ,લ,ઈ) : આંતરિક શક્તિ વધે, દિવ્ય લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.

વૃષભ (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે.

મિથુન (ક,છ,ઘ) : માનસિક વ્યગ્રતા રહે,મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.

કર્ક (ડ,હ) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

સિંહ (મ,ટ) : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે.

કન્યા (પ ,ઠ ,ણ ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો.

તુલા (ર,ત) : પરિવાર સાથે સમય વિતાવી શકો ,દિવસ આનંદ માં પસાર કરી શકો.

વૃશ્ચિક (ન ,ય ) : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

ધન (ધ ,ભ ,ફ ,ઢ ): તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય,પ્રગતિકારક દિવસ રહે.

મકર (ખ ,જ ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો,કામકાજમાં સફળતા મળે.

કુંભ (ગ ,સ,શ ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે,આવક જાવક નો મેળ કરવો જરૂરી.

મીન (દ ,ચ ,ઝ ,થ): આકસ્મિત લાભ થાય,ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સંજેલી વિશ્વ આદિવાસી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

સંજેલી,

૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ તરીકે યુનો દ્વારા વર્ષ ૧૯૯૪ના રોજ ઘોષિત કરવામાં આવ્યો છે. આદિવાસી સમાજ દ્વારા દુનિયાભરમાં ૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ તરીકે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે. ઢાલસીમલ ખાતે આદિવાસી પરિવાર દ્વારા કોરોના ગ્રસ્તમાં મૃત્યુ પામેલા અને પુલવામાં શહીદ થયેલા વીર જવાનોને સમસ્ત આદિવાસી પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ આપી વૃક્ષો રોપ્યા હતા.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

આદિવાસી સમાજના મસીહા ગુરૂગોવિંદની પૂજા અર્ચના કર્યા બાદ ધજા ચડાવી આદિવાસી સમાજ દ્વારા પર્વતમાન સમયને ધ્યાને લઈ સાદગી પૂર્ણ માહોલમાં ઉજવણી કરી હતી. આદિવાસી દિવસે ડો,બાબા સાહેબ આંબેડેકર ચોક, બિરસા મુંડા ચોકનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

વિશ્વ આદિવાસી દિવસ નિમિતે આદિવાસી સમાજના લોકો માનગઢ મુકામે દાહોદ મહીસાગર પંચમહાલ રાજસ્થાન, મધ્યપ્રદેશ ના આદિવાસી સમાજના લોકો એકઠા થઈ વિશ્વ આદિવાસી દિવસની ઉમંગભેર ઉજવણી કરવામાં આવે છે પર્વતમાન સમયને ધ્યાને લઈ સાદગી પૂર્ણ રીતે વિશ્વ આદીવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

દુનિયાભરમાં વિશેષ દિવસો અનેક છે અને સાથે સાથે આદિવાસી સમાજ દ્વારા ૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. સંજેલી ખાતે મામલતદાર કચેરીના પરિસરમાં નાયબ મામલતદાર સુજલ ચૌધરી હસ્તે, આદિવાસી સમાજ દ્વારા વૃક્ષારોપણ કરી કાર્યક્રમની પૂર્ણાહતી કરવામાં આવી હતી. આ વેળાએ આદિવાસી સમાજના આગેવાનો, વડીલો, યુવાનો, જોડાયા હતા.

# પટેલિયા સમાજ દ્વારા વિવિધ શેત્રે સિદ્ધિ હાંસલ કરનાર સમાજજનોનું સન્માન કરાયું

દાહોદ,

પટેલિયા સમાજ સેવા ટ્રસ્ટ,દાહોદ.ગુજરાત દ્વારા સમાજ ના સમાજ્નો દ્વારા વિવિધ શેત્રે સિધ્ધિ હાંસલ કરનારનું સમાજ અગ્રગણ્ય દ્વારા શાલ, પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા હતા.કાર્યક્રમ નો પ્રારંભ કોરોનામાં મૃત્યુ પામેલા ઓને સાંત્વના મળે તે માટે બે મિનિટ નું મોંન પાળવામાં આવ્યું હતું. મહેમાનો, સમાજજનોનું શાબ્દિક સ્વાગત સમાજ નાં ઉપાધ્યક્ષ હીરાલાલ સોલંકી એ કર્યું હતું. ગુજરાત સાહિત્ય યુથ પ્રાઈડ એવોર્ડ ૩૦ વર્ષ થી કમ ઉંમર નાં લેખકો ને અપાતો એવોર્ડ સમાજની દીકરી કુ. રીંકું રાઠોડ ને પ્રાપ્ત થતાં તેઓ નું શાલ, પ્રમાણપત્રો સમાજના પ્રમુખ ગોપાલસિંહ પરમાર, ઉપાધ્યક્ષ હીરાલાલ સોલંકી , મહામંત્રી મથુરભાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

રાઠોડે આપ્યા હતા. વિવિધ શેત્રોમાં અગ્રેસર રહેલા તાલુકા પંચાયત, દાહોદનાં કારોબારી અધ્યક્ષ, જયેશ પરમાર, ભાજપ પ્રદેશના કારોબારી સભ્યો, ગોપાલસિંહ પરમાર અને ઈન્દિરાબેન ડામોર, જિલ્લા પંચાયત, દાહોદનાં બાંધકામ સમિતિના ચેરમેન રમીલાબેન બારીયા, નગરપાલિકા દાહોદના કાઉન્સિલર કિંજલબેન પરમારનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. સમાજ માટે સમાજ ઘર, ઓફિસ બનાવી આપવાની વ્યવસ્થા પૂરી પાડનાર ઉદેસિંહ નલવાયાનું પણ શાલ ઓઢાડી બહુમાન કરાયું હતું. ઉદેસિંહ નલવાયાએ અદ્યતન સુવિધાસભર સાથેનું બાંધકામ કરી આપવાની ખાત્રી આપી હતી.

સમાજના અગ્રગણ્ય દ્વારા પ્રાસંગિક પ્રવચનો પણ કરાયા હતા. સમાજના પ્રમુખ ગોપાલસિંહ પરમારે સમાજને એક કરી યોગ્ય વિકાસ સાધવા અનુરોધ કર્યો હતો. જિલ્લા પંચાયત દાહોદના સાશક પક્ષના નેતા પર્વતભાઈ ડામોરે સમાજનો સર્વાંગી વિકાસ થાય તેવો પ્રયાસ સાથે મળી ને કરવા જણાવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા સમાજના અગ્રગણ્યો રાજુભાઈ રાઠોડ, માનસિંહભાઈ ગોહિલ, પ્રજીતસિંહ રાઠોડ, સુરેશભાઈ રોઝ, ડો.અમરસિંહ ચૌહાણ, દેવાભાઈ રાઠોડ, રતનસિંહ બામણીયા, મહેશ રાઠોડ, હરેશ પરમાર, કરશન પરમાર, સુનીલ બારીયા, APMC ચેરમેન પ્રતાપભાઈ બામણીયા, લલિતભાઈ બારીયા, ભૂપેન્દ્ર પરમાર, કિશોરસિંહ પરમાર, સેવાભાઈ રાઠોડ, રમસિંહભાઈ બારીયા, મયંક ભુરીયા, મનિષ રાઠોડ, સુરેશ પરમાર, દિલીપભાઈ બામણીયા, રતનસિંહ ભાભોર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સફળ સંચાલન સમાજના મહામંત્રી મથુરભાઈ રાઠોડે અને આભાર સમાજનાં હોદ્દેદાર સંજય બારીયાએ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

# ફતેપુરાના સુખસર ગામે ચુંટણીની અદાવતે ત્રણ વ્યકિત ઉપર હુમલો

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર બજારમાં કરિયાણું લેવા ગયેલ એકજ પરિવારના ત્રણ વ્યક્તિઓને ત્રણ ઈસમોએ ચુંટણી સંબંધી અદાવત રાખી બજારમાં રોકી ઝઘડો કરી લોખંડની પાઈપ વડે, છરી વડે તેમજ તેમજ ગડદાપાટ્ટુના માર મારી હુમલો કરતાં ભર બજારમાં આ ઘટનાને પગલે ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૦૮.૦૮.૨૦૨૧ના રોજ ફતેપુરા તાલુકાના ધાણીખુંટ ગામે મકવાણા ફળિયામાં રહેતાં સુનિલભાઈ રમેશભાઈ મકવાણા તથા તેમની સાથે પોતાના પરિવારના અન્ય સદસ્યો સુખસર બજારમાં સાંજના ચારેક વાગ્યાના આસપાસ મોટરસાઈકલ પર સવાર થઈ કરિયાણું લેવા ગયાં હતાં. આ દરમ્યાન ફતેપુરા તાલુકાના લખણપુર ગામે રહેતાં સંદિપભાઈ મિનેશભાઈ તાવીયાડ, દિગ્વીજયસિંહ બાબુભાઈ ચારેલ અને મયંકભાઈ છગનભાઈ મછારનાઓએ સુનિલભાઈ તથા તેમની સાથેના માણસો પાસે આવ્યાં હતાં અને મોટરસાઈકલ ઉભી રાખી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમોએ મને જિલ્લા પંચાયતની ચુંટણીમાં મત આપેલ નહીં જેથી અમે હારી ગયાં છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને ઝરી વડે તેમજ લોખંડની પાઈપ વડે હુમલો કરી સુનિલભાઈ તથા તેમની સાથેના માણસોને શરીરે ઈજાઓ પહોંચાડી હતી અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભર બજારમાં ભારે ધિંગાણું મચાવતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત સુનિલભાઈ મિનેશભાઈ તાવિયાડે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના ફુલપરી ગામે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકને ઈજાઓ થતાં મોત

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ફુલપરી ગામે એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી એક મોટરસાઈકલના ચાલકને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં મોટરસાઈકલના ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં મોટરસાઈકલના ચાલકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૬ ઓગષ્ટના રોજ સીંગવડ તાલુકાના સીંગાપુર ગામે થાણા ફળિયામાં રહેતાં ૨૫ વર્ષીય અજીતભાઈ રમેશભાઈ પારગી પોતાના કબજાની મોટરસાઈકલ લઈ લીમખેડા તાલુકાના ફુલપરી ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન ત્યાંથી એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અજીતભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં અજીતભાઈ મોટરસાઈકલ પરથી જમીન પર મોટરસાઈકલ સાથે ફંગોળાયાં હતાં જેને પગલે અજીતભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમ્યાન અજીતભાઈનું મોત નીપજતાં આ સંબંધે લીમખેડા તુકાના મોટાહાથીધરા ગામે તળાવ ફળિયામાં રહેતાં વિનેશભાઈ બાબુભાઈ રાવતે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આગામી ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે દાહોદ શહેરના રેલ્વે સ્ટેશન ખાતે સ્વાતંત્રય દિવસની આગોતરી તૈયારીઓને અને સુરક્ષાઓને ધ્યાનમાં રાખી સમગ્ર રેલ્વે સ્ટેશન ખાતે ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ કામગીરીમાં દાહોદ રેલ્વે પોલીસ, આરપીએફ પોલીસ વિગેરે પોલીસ સ્ટાફ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવી રહી છે. જાણવા મળ્યાં અનુસાર, ૧૫મી ઓગષ્ટ સુધી રાબેતા મુજબ આ કામગીરી કરવામાં આવનાર છે.

# ધાનપુરના મોટીમુલ ગામે દુકાનમાં બાખોલુ પાડી ચોરી કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના મોટીમલુ ગામે સાત જેટલા ઈસમોએ વહેલી સવારના ચારેક વાગ્યાના આસપાસ ચોરી તેમજ લુંટ કરવાને ઈરાદે પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી એક દુકાનની દિવાલમાં બાકોરૂં પાડી પ્રવેશ કરી દુકામાં હાજર ત્રણ પૈકી બે જણા ચોર, લુંટારૂંઓને જોઈ ભાગી જતાં જ્યારે એકને ચોર, લુંટારૂઓએ પકડી પાડી માર મારી દુકાનમાંથી રોકડા રૂપીયા ૨૫,૦૦૦ની લુંટ ચલાવી નાસી જતાં પંથકમાં આ લુંટના પગલે ખળભળાટ સહિત ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

મોટીમલુ ગામે ખેડા ફળિયામાં રહેતાં મંથલીબેન વીનુભાઈ મેડાની ઘરનીજ દુકાનમાં ગત તા.૦૮.૦૮.૨૦૨૧ના રોજ વહેલી સવારના ચારેક વાગ્યાના આસપાસ પોતાનાજ ગામમાં રહેતો વનેશભાઈ પાંગળાભાઈ મેડા તથા તેની સાથે બીજા છ જેટલા ઈસમોએ પોતાની સાથે લાકડી, કુહાડી જેવા મારક હથિયારો સાથે ચોરી તેમજ લુંટ કરવાને ઈરાદે મંથલીબેનની દુકાની દિવાલમાં બાકોરૂં પાડી ચોરોએ પ્રવેશ કર્યો હતો. આ દરમ્યાન મંથલીબેન તથા તેમના પરિવારજનો લુંટારૂઓના ડરથી ભાગી ગયાં હતાં પરંતુ વીનુભાઈ ભાગતા ભાગતા લુંટારૂઓના હાથે પકડાઈ જતાં વીનુભાઈને લુંટારૂઓએ હથિયારો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી. આ બાદ લુંટારૂંઆએ દુકાનમાં મુકી રાખેલ ડબ્બામાંથી તેમજ દુકાનના ગલ્લામાંથી કુલ રૂા.૨૫,૦૦૦ની લુંટ ચાલવી નાસી જતાં ધોળે દિવસે આ લુંટની ઘટનાને પગલે પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે મંથલીબેન વીનુભાઈ મેડાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વનેશભાઈ પાંગળાભાઈ મેડા તથા તેમની સાથેના બીજા છ જેટલા લુંટારૂઓ વિરૂધ્ધ ગુનો નોંધી તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# દાહોદમાં આવેલ કેશવ ભવન રંગમંચના પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી

દાહોદ,

તા.૦૫.૦૮.૨૦૨૧ના રોજ દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં રહેતાં જોગેશ્વર રાજારામ પ્રસાદ કોઈ કામ અર્થે દાહોદ શહેરમાં આવેલ કેશવ ભવ રંગમંચ ખાતે ગયાં હતા અને ત્યાં પોતાની સાંજના ચારેક વાગ્યાના આસપાસ લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કાઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે જોગેશ્વર રાજારામ પ્રસાદે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# સીંગવડના મલેકપુર ગામે જમીન મામલે તકરારમાં ધિંગાણું મચાવી ઈજાઓ કરી ૨૦ હજારની લુંટ કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના મલેકપુર ગામે મહિલા સહિત ૧૫ જેટલા ઈસમોના ટોળાએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી જમીન સંબંધી મામલે એક વ્યકિતના ઘર તરફ ઘેરો ઘાલી ઘરના આંગણે પાર્ક કરેલ ફોર વ્હીલરની તોડફોડ કરી કાંચ તોડી નાંખી ભારે ધિંગાણું મચાવ્યાં બાદ ટોળાએ એકને કુહાડીની મુદર મારી ખભાના ભાગે ઈજાઓ પહોંચાડી ખિસ્સામાંથી રોકડા રૂપીયા ૨,૦૦૦ની લુંટ ચલાવી ટોળું નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગત તા.૦૯મી ઓગષ્ટના રોજ મલેકપુર ગામે રહેતાં સુરેશભાઈ લીમ્બાભાઈ કટારા, વિરલભાઈ અરવિંદભાઈ કટારા, સામજીભાઈ છગનભાઈ કટારા, લીમ્બાભાઈ બલકાભાઈ કટારા, શીરીષભાઈ ધનાભાઈ કટારા, સંજયભાઈ સામજીભાઈ કટારા, શીરીષીભાઈ ધનાભાઈ કટારા, સોનાભાઈ મોતીભાઈ કટારા, વરસીંગભાઈ બલકાભાઈ કટારા, સોનાભાઈ મોતીભાઈ કટારા, મનસીબેન લીમ્બાભાઈ કટારા, શાંતાબેન ધનાભાઈ કટારા, કવિતાબેન સુરેશભાઈ કટારા, લલીતભાઈ સામજીભાઈ કટારા, રાયલીબેન હકલાભાઈ કટારા, મંગુડીબેન સોનાભાઈ કટારા, રાજુભાઈ કાંતિભાઈ કટારા, સુમિત્રાબેન સામજીભાઈ કટારાનોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લાકડી, કુહાડી જેવા મારક હથિયારો સાથે પોતાના ગામમાં રહેતાં ફુલસીંગભાઈ તેરાભાઈ ડામોરના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આ જમીન બાબતે અમારા કુંટુંબના માણસો પર કેમ એફઆઈઆર કરેલ છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને ઘરના આંગણે પડેલ ફોર વ્હીલરની તોડફોડ કરી ગાડીના કાંચ તોડી નાંખ્યાં હતાં. આ બાદ ટોળા પૈકી એકે રાકેશભાઈ લક્ષ્મણભાઈ ડામોરને કુહાડીની મુંદર બાવળાના ભાગે મારી ઈજા પહોંચાડી હતી અને ઝપાઝપી કરી ફુલસીંગભાઈ તેરાભાઈ ડામોરના ખિસ્સામાંથી રોકડા રૂપીયા ૨,૦૦૦ કાઢી લઈ ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે ફુલસીંગભાઈ તેરાભાઈ ડામોરે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે રક્ષાબંધન વિષય પર ચિત્રસ્પર્ધા યોજાશે

દાહોદ,

ગુજરાત રાજય લલિતકલા અકાદમીની કચેરી તથા દાહોદ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા સંયુક્ત એક ચિત્ર સ્પર્ધાનુ આયોજન કરાયું છે. જેમા ૮ થી ૧૩ ( જન્મ તા. ૩૧/૧૨/૨૦૨૧ ને ગણવાની રહેશે ) વર્ષના બાળકો ભાગ લઈ શકશે.

બાળકોએ એ-૪ સાઈઝના ડ્રોઈંગ પેપર રક્ષાબંધન વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી આગામી તા. ૨૩ ઓગસ્ટ થી તા. ૧૩ ઓગસ્ટના બપોરે ૧૨ કલાક સુધી જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, દાહોદ, સરવે ભવન, પ્રથમ માળ, કોંફરંસ હોલ, છાપરી, દાહોદ ખાતે મોકલવાની રહેશે. કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનુ નામ, સરનામુ, મોબાઈલ નંબર, શાળાનુ નામ વગેરેનો ઉલ્લેખ કરી સાથે ઉમરના પુરાવા તરીકે આધારકાર્ડની ઝેરોક્ષ અને પોતાના બેંક એકાઉંટના પ્રથમ પાનાની ઝેરોક્ષ અચુક ચિત્ર મોકલવી. ચિત્રસ્પર્ધામાં જીતનાર બાળકને રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી થશે અને તેમાં જીતનાર બાળકને ઈનામ આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી મોબાઈલ ટુ સ્પોર્ટ્સ યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports તેમજ યુ-ટ્યુબ ચેનલની આ લીંક પરથી પણ http://www.youtube.com/channel/UCzsiROvtHpN4eK મળી શકશે. જિલ્લા યુવા વિકાસ અધિકારી, દાહોદએ એક યાદીમાં આ માહિતી આપી છે.

# ખાનગીકરણ બંધ કરોના નારા લાગશે વીજતંત્રના ખાનગીકરણના વિરોધમાં દેખાવો-સુત્રોચ્ચાર

દાહોદ,

દેશમા ઈલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ના સુધારા બિલ-૨૦૨૧નો વિરોધ કરવા માટે દેશભરના વીજ કામદાર સંગઠનો દ્વારા આજરોજ મંગળવારના રોજ દાહોદ શહેરની એમ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ દ્વારા ઓફીસના દરવાજા ઉપર બપોરના ૨ થી ૨:૩૦ દરમ્યાન દેખાવો અને સુત્રોચ્ચારનો કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતાં. નેશનલ કોઓર્ડીનેશન કમિટી ઓફ ઈલેકટ્રીક સીટી એમ્પ્લોઈઝ એન્ડ એન્જીનીયર્સના આદેશ અનુસાર સમગ્ર દેશમા વિરોધ દર્શિત કાર્યક્રમ યોજાયો હતો.




અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, જીઈબી એન્જીનીયર્સ એસો. જીઈબી સુપરવાઈઝર સ્ટાફ એસોસીએશન, વીજળી કર્મચારી મહામંડળ અને ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળ દ્વારા જાણવા મળ્યાં અનુસાર, વીજતંત્રમાં દિનપ્રતિદિન ખાનગીકરણનું દુષણ વધતુ જાય છે અનેક વખત રજુઆતો કરવામાં આવી હોવા છતાં ખાનગીકરણ તરફની વીજતંત્રની દોટ અટકી નથી. દેશની જનતાનું હિત ધ્યાને લેવાને બદલે વીજતંત્ર જાણે ઉદ્યોગપતિઓના હિતમા કામ કરી રહ્યું હોય તેવી છાપ ઉપસી રહી છે. ત્યારે ખાનગીકરણના દુષણને ડામી દેવાના અવાજને બુલંદ બનાવવા માટે ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમા તા.૧૦ના રોજ દેખાવો યોજવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ અંતર્ગત દાહોદ એમ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ પણ હાથમાં વિવિધ બેનરો સાથે કચેરી બહાર દેખાવો અને સુત્રોચ્ચાર કર્યાં હતાં.

# પંચમહાલ જિલ્લાના શ્રી સ્વામિનારાયણ ગાદીના વિવિધ મંદિરોમાં હરિને હૈયાનાં હેતથી ઝુલાવવાનો હિંડોળા ઉત્સવ તથા ચાતુર્માસ કથા

ગોધરા,

વિધ વિધ શણગારેલાં હિંડોળામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને બિરાજમાન કરી સંતો અને હરિભક્તો ઝુલાવતા હોય અને શાસ્ત્રીય રાગો સાથે હિંડોળાનાં કીર્તનો ગવાતાં હોય ત્યારે કેવું સુંદર વાતાવરણ ઊભું થાય છે.

અષાઢ અને શ્રાવણ એ બે માસ એટલે ભગવાનની ભક્તિમાં તલ્લીન થવાના માસ. દર વર્ષે અષાઢ- શ્રાવણ માસની વરસાદી મોસમમાં હિંડોળાનો ઉત્સવ ઉજવાય છે. હિંડોળા ઉત્સવ એટલે ભગવાનને સ્વહસ્તે ઝુલાવાનો અણમોલ સુઅવસર. ભક્તિની રીત જ એવી છે કે હરિ સંગાથે લાડ કરવાં, એમને જમાડવા- પોઢાડવા અને એમને ઝુલાવવા. હિંડોળાની રચના કરવામાં સૌ ભક્તો પોતાની ઊર્મિઓ ઠાલવે છે. કળા અને કસબ, ધન અને શ્રમ એમાં સીંચે છે. હૃદય આનંદથી વિભોર બની જાય છે.

આ દિવસો દરમિયાન મંદિરોમાં વિધવિધ હિંડોળા તૈયાર કરવામાં આવે છે. ભગવાનના હિંડોળાને ફૂલોથી, સુકામેવાથી, ફૂટથી, પવિત્રાંથી, રાખડીઓથી,



મીણબત્તી, પેન, કોડી, શૃંખલા, છીપલાં, મોરપીંછ, સિક્કાઓથી, અગરબત્તી, આદિથી શણગારવામાં આવે છે.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ અબજીબાપાશ્રી, જીવનપ્રાણ સ્વામીબાપા તથા વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય શ્રી પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજને આ વર્ષે હિંડોળા પર્વમાં પ્રેમથી અને ભક્તિભાવથી ઝુલાવીએ અને તે હિંડોળાની સેવામાં તન, મન અને ધનથી સેવા કરીને પ્રસન્ન કરીએ.

હિંડોળા ઉત્સવ પ્રારંભે શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની પ્રેરણાથી પૂજનીય સંતો-ભકતોએ મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત પંચમહાલ જિલ્લાના વિવિધ શ્રી સ્વામિનારાયણ મંદિરો - શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઘજીપુર, મોરડુંગરા, બોડિદ્રાબુઝર્ગ, શનિયાડા વગેરે મંદિરોમાં ‘‘શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ‘‘ ઉપક્રમે હિંડોળા સજાવ્યા છે. જેનાં દર્શનથી હજારો ભાવિકો કૃતાર્થ થયા છે.

શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુકતજીવન સ્વામીબાપા વિરચિત દેવભાષા - સંસ્કૃતમાં ‘‘શ્રી સ્વામિનારાયણબાપા ચરિત્રામૃત સાગર’’ પંચ દિનાત્મક ચાતુર્માસ કથા - સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં અનેકવિધ દિવ્ય ચરિત્રોનું રસપાન સંતશિરોમણિ શ્રી ગુરૂપ્રિયદાસજી સ્વામીએ કરાવ્યું હતું. પંચમહાલના મહંતશ્રી યોગપ્રિયદાસજી સ્વામી, શ્રી ધર્મતનયદાસજી સ્વામી, શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી, શ્રી યોગવલ્લભદાસજી સ્વામી, શ્રી સર્વાત્મપ્રિયદાસજી સ્વામી, શ્રી વિશ્વમંગલદાસજી સ્વામી, શ્રી હરિકૃષ્ણવલ્લભદાસજી સ્વામી વગેરે પૂજનીય સંતોની ઉપસ્થિતિમાં આ ચાતુર્માસ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 298

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## મહિસાગરના ભાજપના અગ્રણી હત્યા કેસ

# નાણાંની લેતી-દેતી બાબતે મિત્ર એજ કરી વૃદ્ધ દંપતિની કરી હત્યા

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના ગોલાના પાલ્લા ગામે દંપતિની હત્યાના બનાવમાં આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ વિભાગ ચલાવી રહી હતી. પોલીસ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી હતી. પોલીસ દ્વારા આસપાસના રહિશોની પુછપરછ કરતાં મરણ જનાર ને ગામના વ્યકિત સાથે પૈસાની લેવડ–દેવડનો વ્યવહાર છે. તેવી માહિતીના આધારે પોલીસે શકમંદ વ્યકિતની પુછપરછ દરમિયાન હત્યા કર્યાની કબુલાત કરવામાં આવી છે.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

વિસ્તૃત વિગતો પ્રમાણે લુણાવાડા તાલુકાના ગોલ્લાના પાલ્લા ગામે રહેતા ત્રિભોવનદાસ સબુરભાઈ પંચાલ અને જશોદાબેન પંચાલની ૫ ઓગસ્ટના રોજ રાત્રીના સમયે નિર્મમ હત્યા થઈ

### પૈસાની લેવડ દેવડમાં પાળીયાના ઘા મારી હત્યા કરી

હતી. મહિસાગર પોલીસ અલગ–અલગ ટીમ બનાવીને હત્યારાઓને ઝડપી પાડવા કાર્યવાહી કરી હતી. પોલીસ દ્વારા હત્યારાઓનું પગેરૂ મેળવવા માટે હત્યાના દિવસની વિવિધ દિશામાં તપાસ ચલાવી રહ્યા હતા અને વૃદ્ધ દંપતિની હત્યા કયા કારણોસર થઈ હોય તે અંગે ઝીણવટભરી તપાસ ચલાવી હતી. પોલીસ દ્વારા મૃતક ત્રિભોવનદાસ પંચાલના પાડોશીઓની પુછપરછ કરાઈ હતી. પાડોશીઓની પુછપરછ દરમિયાન ત્રિભોવનદાસ પંચાલને ગામમાં રહેતા ભીખાભાઈ ધુળાભાઈ પટેલ સાથે પૈસાની લેવડ દેવડનો વ્યવહાર છે. તેવી માહિતીના આધારે પોલીસ દ્વારા ભીખાભાઈ ધુળાભાઈ પટેલની શકમંદ તરીકે પુછપરછ હાથ ધરી હતી અને પોલીસે વિશ્વાસમાં લઈ પુછપરછ કરતાં ભીખાભાઈ પટેલ એ કબુલાત કરી હતી કે હત્યાના બનાવની રાત્રીએ ૭ વાગ્યાના સમયે ત્રિભોવનદાસ પંચાલ ભીખાભાઈ ને ફોન કર્યો હતો અને પૈસાની લેવડ–દેવડ બાબતે અપમાનજનક શબ્દો બોલીને પૈસાની માંગણી કરી હતી. ભીખાભાઈ પટેલને પૈસા કયારે આપે છે. તેમ કહેતા ભીખાભાઈ ઉશ્કેરાઈ હાથાવાળું પાળીયું લઈને ત્રિભોવનદાસના ઘરે ગયેલ હતા. ત્રિભોવનદાસ પંચાલના પત્નિ જશોદાબેન અવાજ સાંભળીને બહાર આવ્યા હતા. જેને લઈ હત્યારા ભીખાભાઈ ઓળખાઈ જવાના ડરથી જશોદાબેન ઉપર માથાના ભાગે પાળીયાનો ઘા કરી હત્યા કરી હતી. આરોપી ધુળાભાઈ એ આવેશમાં હત્યા કર્યા બાદ ગુનાથી બચવા માટે મરણજનાર ત્રિભોવનદાસ પંચાલનો મોબાઈલ ફોન લઈને બહાર નિકળી હત્યામાં ઉપયોગમાં લીધેલ પાળીયુ હત્યાના સ્થળ નજીક ફેંકી જતા રહ્યા હતા અને મરણજનાર ત્રિભોવનદાસના ફોન મૂકી દીધેલ હોવાની કબુલાત કરી પોલીસે હત્યારાની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

મહિસાગર જીલ્લાના ચકચાર મચાવનાર વૃધ્ધ દંપતિની હત્યાના આરોપીને ઝડપી પાડવા પોલીસ તપાસનો ધમધમાટ ચાલુ કર્યો હતો. વૃધ્ધ દંપતિની હત્યામાં કોઈ નજીકની વ્યકિત સંડોવાયેલ હોવાની શકયતા પહેલે થી હતી. પોલીસે આડોશ-પાડોશમાં લોકોના નિવેદનો લેતાં ગામનો ભીખાભાઈ ધુળાભાઈ પટેલ એ પૈસાની માંગણી કરતા ઉશ્કેરાઈને દંપતિની હત્યા કરનાર આખરે જેલની સળીયા પાછળ ધકેલાયો.

## પંચમહાલ જિલ્લા LCB પોલીસે રેણા ગામના મકાનમાંથી ૨,૩૧,૮૪૦ નો દારૂનો જથ્થો ઝડપી પાડયો

શહેરા,

શહેરા ના રેણા ગામના મકાનમાંથી એ.લ.સી.બી પોલીસે રૂપીયા ૨,૩૧,૮૪૦ નો દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે પ્રોહીબીશન મુજબ ત્રણ સામે ગુનો નોંધીને એક આરોપીને પકડી પાડ્યો હતો.

શહેરા તાલુકાના રેણા ગામમાં પાણીની ટાંકી પાસે બુટલેગર જયદીપ અર્જુન પટેલિયાએ વિદેશી દારૂનો જથ્થો મોટા પ્રમાણમાં સંતાડી રાખીને વેચાણ કરતો હોવાની માહિતી જિલ્લા એલ.સી.બી પોલીસના પોલીસ ઈન્સ્પેકટર ધ્રુવરાજ સિંહ ચુડાસમાને મળી હતી. એલ.સી.બી પોલીસે મળેલ માહિતીનાં આધારે બુટલેગર જયદીપ એ છુપાવી રાખેલી ઘરમાં તપાસ કરતા દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો મળી આવ્યો હતો. પોલીસે પકડી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

પાડેલ રૂપિયા ૨,૩૧,૮૪૦ દારૂના જથ્થાને પોલીસ મથક ખાતે લાવીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. પ્રોહીબીશન એક્ટ મુજબ ત્રણ સામે પોલીસે ગુનો નોંધ્યો હતો. જેમાં પોલીસે વિવેક નરેન્દ્રસિંહ શાહ રહે શુભમ ટાવર્સ, ફલેટ સરદાર બગીચાની સામે પાણીની ટાંકી સામે કલોલ જીલ્લો ગાંધીનગર ને પકડી પાડ્યો હતો. જ્યારે જયદીપ અર્જુન પટેલીયા રહે રેણા ગામ અને જાવેદ હારૂન મેમણ મહેતાબ સૂફી ની પાછળ ઓવર બ્રિજ આણંદ ને પકડી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, તાલુકા પોલીસ દારૂબંધીના કડક નિયમો ની વાતો કરતી હોય ત્યારે મોટો પ્રમાણમાં દારૂનો જથ્થો બુટલેગર પાસેથી મળી આવ્યો હોય ત્યારે કેટલાક સમયથી આ બુટલેગર દારૂનું વેચાણ કરતો હશે તે પણ એક સવાલ લોકોમાં ચર્ચાનું સ્થાન બન્યું છે.

ભદ્રાલા ગામમાં પણ છૂપી રીતે દારૂનો મોટા પ્રમાણમાં વેચાણ થતું હોવાની બૂમો ઉઠવા પામી છે. ત્યારે જિલ્લાની પોલીસ અહીં આવીને દારૂ પકડે તે પહેલા સ્થાનિક પોલીસ દ્વારા આવા બૂટલેગરો સામે કાર્યવાહી કરીને પાસા કરવામાં આવે તે પણ જરૂરી લાગી રહ્યું છે. સ્થાનિક પોલીસ ભદ્રાલા ગામ ખાતે છૂપી રીતે દારૂનું વેચાણ થતું અટકે તેમ ગામના જાગૃત નાગરિકો પણ ઈચ્છી રહયા છે.

## વેજલપુર ખેડા ફળીયા માંથી વૈજનાથ મંદિર જવાનો માર્ગ ઉપર દબાણો અને ગંદકીને લઈ રહિશો દ્વારા તંત્રને રજુઆત

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામના ખેડા ફળીયા માંથી વૈજનાથ મહાદેવ મંદિર જવાના જાહેર માર્ગ ઉપર થયેલ દબાણો દુર કરવા તેમજ પાણીને લઈ થયેલ ગંદકી દુર કરવા માટે ગ્રામજનો દ્વારા જીલ્લા કલેકટરને રજુઆત કરાઈ.

કાલોલ તાલુકાના વેજલપુર ગામે ખેડા ફળીયા માંથી વૈજનાથ મહાદેવ મંદિર જવાનો રસ્તો પસાર થાય છે. પંચાયતનો જાહેર રસ્તો વર્ષોથી આવેલ છે અને આ રસ્તા પરથી ફળીયામાં લોકો તેમજ મંદિર દર્શન કરવા જતાં દર્શનાર્થીઓને અવરજવર કરે છે. આ રસ્તા ઉપર ફળીયાના કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે દબાણ કરીને રસ્તો


તસ્વીર : નુર બાલા, વેજલપુર

સાંકડો બનાવી દીધેલ છે. જેને લઈ રસ્તા ઉપર થી રીક્ષા પણ સરળતાથી પસાર થતી નથી. સાંકડા રસ્તાને લઈ બિમારી જેવા કિસ્સામાં વાહન પણ ફળીયામાં આવી શકતું નથી. તેમાં પણ ફળીયામાં આવેલ હેડપંપના પાણી અને વરસાદી પાણીના નિકાલ નથી. જેને લઈ ફળીયાના રસ્તા ઉપર ગંદુ પાણી જમા થતું હોય છે. જેને લઈ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે. ફળીયામાં ગંદાપાણીના નિકાલના અભાવે મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે. અને લોકો બિમારીના ભોગ બની રહ્યા છે.

સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શેરી, ફળીયા, મહોલ્લાઓમાં સ્વચ્છતા જળવાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમ છતાં વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારના ખેડા ફળીયામાં ગંદકી તેમજ રસ્તા ઉપર દબાણો થયેલ છે. તે દુર કરાવામાં પંચાયત નિષ્ફળ રહી છે. જેને લઈ વેજલપુર ખેડા ફળીયાના રહિશો દ્વારા ગ્રામ પંચાયત તલાટી, સરપંચ, તાલુકા અધિકારી તેમજ જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી રસ્તાના દબાણો અને ગંદકી દુર કરવા માટે માંગ કરાઈ છે.

## કાલોલના મધવાસ ગામે મહાદેવ મંદિરમાં હિંદુ રક્ષા મંચની મીટીંગ યોજાઈ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલના મધવાસ ખાતે મહાદેવના મંદિરમાં હિંદુ રક્ષા મંચની કાલોલ તાલુકાની શીર્ષથ કાર્યકર્તાઓની બેઠક યોજવામાં આવી હતી. જેમાં પ્રાંત અધ્યક્ષ આશિત ભટ્ટ, જિલ્લા અધ્યક્ષ જયપાલસિંહ રાઠોડ, જિલ્લા મંત્રી સંજયભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંત અધ્યક્ષ આશિત ભટ્ટે જણાવ્યું હતું કે હિંદુ ધર્મ, હિંદુ સંસ્કૃતિ બચાવવા માટે આપણે શાસ્ત્ર અને શસ્ત્ર બન્નેને ઉપાડવા પડશે. સૌથી પ્રાચીન સંસ્કૃતિ ના રક્ષણ માટે, સંવર્ધન માટે આપણે એક અઠવાડિયામાં એક દિવસ આપવો પડશે. વિશ્વની કોઈ તાકાત આપણને ક્ષતિ પહોંચાડી નહીં શકે જો આપણે એક રહીશું. તેથી જ આપણે મહાઅમાત્યાય ચાણક્ય અને છત્રપતિ શિવાજી મહારાજના રસ્તે ચાલવાનું છે. ત્યાર બાદ કાલોલ તાલુકાની સમિતિની રચના કરવામાં આવી હતી. વિવિધ જવાબદારી સોંપવામાં આવી.

## શહેરામાં ભાવસાર હોસ્પિટલ પાસે જાહેરમાં ફેંકેલ બાયો મેડિકલ વેસ્ટ મળતાં પાલિકા એ તપાસ હાથ ધરી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગરમાં ભાવસાર હોસ્પિટલ પાસે પસાર થતા માર્ગને અડીને જાહેરમાં ફેંકેલ બાયોમેડિકલ વેસ્ટ નગરપાલિકાના જીતેન્દ્ર સિંહ રાઠોડ ને જોવા મળતા તેઓ દ્વારા દવાખાના અને હોસ્પિટલમાં ઓચિંતી તપાસ હાથધરી હતી.

શહેરા નગર પાલિકા સેનેટરી ઈન્સેપેક્ટર જીતેન્દ્ર સિંહ રાઠોડ અને તેમની ટીમ દ્વારા નગર પાલિકા વિસ્તારમાં આવેલ ખાનગી દવાખાના અને હોસ્પિટલોમાં ઓચિંતી તપાસ હાથધરી હતી. ત્યારે નગરના હોળી ચકલા વિસ્તાર પાસે ભાવસાર હોસ્પિટલની સામે જાહેરમાં ફેંકેલ બાયો મેડિકલ વેસ્ટ જોવા મળ્યો હતો. જેને લઈને નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ દ્વારા આ બાબતને બહુ જ ગંભીરતાથી લઈને કાર્યવાહી હાથધરી હતી. જેને લઈને બાયો મેડિકલ વેસ્ટ છૂપી રીતે ફેકતા ડોક્ટરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

## પંચમહાલ-મહિસાગર અને છોટાઉદેપુરના ૧૩૧ રોજમદારો માટે ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ હકક હિસ્સાની રકમ ચુકવવાનો આદેશ થતાં આનંદ

ગોધરા,

પંચમહાલ, મહીસાગર અને છોટાઉદેપુર માર્ગ અને મકાન વિભાગમાં જ બજાવી ચુકેલ નિવૃત કર્મચારીઓને નિવૃત્તિ સમયે જે કંઈ હકક હિસ્સાઓ છે. તે તેમની રોજમુદાર તરીકેની નોકરીની દાખલ તારીખે ગણી ચુકવવાની જોગવાઈઓ હોવા છતાં નિવૃતિ સમયે તેઓને હકક હિસ્સાઓ અધુરા અને અપુરતા ચુકવતા કુલ ૧૩ જેટલા કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ અંબાલાલ એસ. ભોઈને મળી તેમને થયેલ અન્યાય બાબતે રજુઆત કરતા ફેડરેશન દ્વારા લાગતા વળગતા જીલ્લાના અધિકારીને બાકી નીકળતા હકક હિસ્સા ચુકવી આપવા રીપ્રેઝન્ટેશન કરેલ. ત્યાર બાદ તેનો યોગ્ય પ્રત્યુતર ન મળતા ઉપરોકત જણાવેલ ત્રણેય જીલ્લાના ૧૩ કામદારોને તે લાભો મેળવવા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ૧૦ જેટલી સ્પે.સી. એપ્લીકેશનો દાખલ કરેલ. જે અરજીઓ ચાલી જતાં નામદાર ગુજરાત હાઈદોર્ટ દ્વારા જણાવેલ જીલ્લાના કામદારોને બાકી નીકળતા હકક હિસ્સા ચુકવી આપવાનો આદેશ કરેલ. જે આદેશનો પણ કોઈ અમલ કરવામાં આવેલ ન હતો. જેને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી. એપ્લીકેશનના થયેલા હુકમનો અનાદર બદલ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાનૂની કાર્યવાહી હાથ ધરેલ. જે અંગેની સુનાવણી થતાં ગુજરાત સરકારના અધિક સચિવ (પંચાયત) પંચાયત, ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગ, ગાંધીનગર દ્વારા તા. ૩–૮–૨૧ ના રોજનો પરીપત્ર જાહેર કરી પીટીશન સાથે સંકળાયેલા ૧૩૧ કામદારોને રોજમદાર, તરીકેની રસળંગ સેવા ગણી બાકી નીકળતા તમામ લાભ જેવા કે રીવાઈઝ પેન્શન, ગ્રેજયુઈટી, લીવ ઈન્કેશમેન્ટ તથા તે રકમ ઉપર થતું ૬.૫૦% વ્યાજ સહીત ચુકવણું કરવા અંગેનો પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન તથા ૧૩૧ કામદારો તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટના વિધવાન એડવોકેટ દિપક આર. દવે હાજર રહી આ ગરીબ અને આદિવાસી વિસ્તારના કામદારોને વહેલી તકે બાકી નીકળતી હકક હિસ્સાની રકમની ચુકવવી થાય તે બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટને વિનંતી કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમુર્તિ એ.જે. દેસાઈ તથા ડૉ.એ.પી. ઠાકર દ્વારા તમામ લાભોનું છ અઠવાડીયામાં ચુકવણું કરવાનો આદેશ કરેલ. જે આદેશને ધ્યાને લઈ સરકારશ્રીએ ચુકવણું કરવા બાબતે પરીપત્ર બહાર પાડતા કામદાર આલમમાં આનંદની લાગણી પ્રર્વતી છે.

## જાંબુઘોડા તાલુકા કોંગ્રેસ દ્વારા મોંઘવારી મુદ્દે વિરોધ સાથે આવેદન આપ્યું



જાબુંઘોડા,

પંચમહાલ જિલ્લાના ઐતિહાસિક પ્રાકૃતિક વિરાસત ધરાવતા જાંબુઘોડા તાલુકામાં તાલુકા કોંગ્રેસ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ નિષ્ફળ નીતિ–રીતિ સામે વિરોધ પ્રદર્શિત કરી પ્રજાને સહયોગ કરી અને ન્યાય આપવા પ્રદેશ કોંગ્રેસ સમિતિના અભિગમ અને કાર્યક્રમના ભાગરૂપે જાંબુઘોડા ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિ જિલ્લા એસ.સી., એસ.ટી ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે વિરોધ પ્રદર્શનના કાર્યક્રમના ભાગરૂપે કોંગ્રેસને બાઈક રેલી સૂત્રોચાર સાથે આક્રમક વિરોધ અને મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરી વિવિધ રજૂઆત અને માંગ કરવામાં આવેલ પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી, જિલ્લા એસ.સી., એસ.ટી. ડિપાર્ટમેન્ટના ચેરમેન વકીલ રાજેશ હરદયાલ, ગુલસિંહ રાઠવા, પ્રદેશ મંત્રી રફિકભાઈ તિજોરીવાલા, તાલુકા પ્રમુખ મોતિભાઈ બારીયા, ઉપપ્રમુખ કીર્તિ રાજસિંહ રાણા, યુવા કોંગ્રેસ અગ્રણી તજેન્દ્રસિંહ પઢીયાર, જીગ્નેશભાઈ નરસિંહભાઈ સહિત તાલુકા એસ.સી.,એસ.ટી વિભાગના પ્રમુખો આગેવાનો તાલુકા સમિતિના હોદ્દેદારો સહિત કાર્યકરો મોટી સંખ્યામાં જોડાઈ બેનર પોસ્ટર સાથે ભાજપ સરકારનો સખ્ત વિરોધ દર્શાવ્યો હતો.


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા પાવરહાઉસ ખાતે અખીલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ ગોધરા સર્કલ ના પી. આર. રાઠોડ (મહામંત્રી ગોધરા સર્કલ)ની આગેવાની મા ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨003 ના સુધારા બિલ ૨૦૨૧ મા સુધારા માટેનું બિલ પસાર થવાનું છે તેના વિરોધમાં ગોધરા પાવર હાઉસના ગેટ આગળ કર્મચારીઓ ભેગા થઈ દેખાવ કર્યો હતો. દેખાવ દરમિયાન ખાનગી કરણ મૂરદાબાદ વિજળી કંપનીનું ખાનગી કરણ બંધ કરો, જનતાનું લોહી ચુસો નહી ખાનગી કરણ કરો નહી નારા લગાવી સુત્રોચ્ચાર કરી ભારે વિરોધ કર્યો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ડાભી પ્રથમસિંહ હેમાભાઈ
મુ. ઠેડીયા, તા. સંજેલી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી પંચમહાલ આદિવાસી જંખ તથા ખે.વી.વી. કા.સ. મંડળી લી. સંજેલી શાખા
મુ. સંજેલી શાખા કણબી ફળીયા, તા. સંજેલી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી પંચમહાલ બક્ષીપંચ અને પછાત વર્ગ સર્વાંગી વીકાસ મંડળી લી.
અણીકા કામોળ ફળીયા, મુ. અણીકા, તા. સંજેલી